ગાંધીનગર સમાચાર

**ગુડા વિસ્તારમાં ત્રણ માસમાં નર્મદાનુ પાણી**

# આજે શહેરમાં રક્ષાબંધન પર્વ ભાવપૂર્વક ઉજવાશે




**ભાઈ બહેનના હેતના પર્વને અનુલક્ષી ઉત્સાહનો માહોલ : બલિરાજાને લક્ષ્મીજીએ રાખડી બાંધી હતી : પૌરાણિક કાળથી રક્ષાબંધનની ઉજવણી થતી આવી છે. બ્રાહ્મણ, યજમાન, ગુરુ, શિષ્ય સંતો મહંતોમાં પણ રક્ષાના પર્વનુ વિશેષ મહત્વ : બ્રાહ્મણો આજે યજ્ઞોપવિતની વિધિ કરશે**

ગાંધીનગર તા ૧૭

રક્ષાબંધન એટલે રક્ષાનો દિવસ ...ભાઈ બહેનના હેતની વાત એટલે રક્ષાબંધન રક્ષાબંધનના પર્વની પૌરાણિક કાળથી ઉજવણી થાય છે. જેમાં બલિરાજા અને લક્ષ્મીજીની વાત જોડાયેલી છે. બલીરાજા અને લક્ષ્મીજીની દંતકથા પણ જોડાયેલી છે. ગુરુશિષ્ય, બ્રાહ્મણ યજમાન વચ્ચે પણ રાખડી બાંધવાનો રક્ષાનો અનોખો સંયોગ પૌરાણિક કાળથી ચાલતો આવ્યો છે. જો કે સમય જતા હવે ભાઈ બહેન વચ્ચે રક્ષાના આ પર્વની ઉજવણી વિશિષ્ટ બની છે. બહેન ભાઈને રાખડી બાંધી ભાઈની રક્ષા માટે પ્રાર્થના કરે છે. બ્રાહ્મણો યજ્ઞોપવિતની વિધિ કરતા હોવાથી સે-૧૬ બ્રહ્મભવન ખાતે પણ જનોઈ બદલવા માટે સવારે ૯ ૩૦ કલાકે વિશેષ કાર્યક્રમનુ આયોજન કરવમાં આવ્યુ છે. શહેરમાં પણ ભાઈ અને બહેનના આ પર્વની ઉજવણીને અનુલક્ષી વિશેષ ઉત્સાહનો માહોલ જોવા મળી રહયો છે. બજારમાં પણ અવનવી રાખડીઓ જોવા મળી રહી છે. ત્યારે રક્ષાબંધનની પર્વ સંધ્યાએ શહેરના બજારમાં અવનવી ગીફટ અને ચોકલેટ મીઠાઈની ખરીદી માટે વિશેષ ભીડભાડ પણ જોવા મળી હતી.

ભાઈ બહેનના હેતના પર્વ તરીકે ઓળખાતા રક્ષાબંધનની ઉજવણી વિશેષ રીતે થાય છે. રક્ષાબંધનના પર્વ અંગે પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીએ જણાંવ્યુ હતુ કે રક્ષાબંધનના પર્વની ઉજવણીમાં બલિરાજા અને લક્ષ્મીજીની વાત જોડાયેલી છે. અભિમન્યુને પણ માતા કુંતીએ રક્ષા બાંધી હતી.યજ્ઞમાં તિલક કરીને પણ પુરોહીત શિષ્યને રાખડી બાંધે છે. જેમાં બલિરાજાની રક્ષા કરી તે પ્રમાણે અન્યની પણ રક્ષા કરે તેવો ભાવ જોડાયેલો હોય છે. જૈન સમુદાયમાં પણ રક્ષા પોટલી બાંધવાનો મહીમા છે. જયારે સંતો મહાપુરુષો પણ રાખડી બાંધતા હોય છે. ભાભીના શિમંતમાં પણ નણંદ ગર્ભસ્થ શિશુ તેમજ ગર્ભવતી મહીલાની રક્ષાની પ્રાર્થના સાથે રક્ષા બાંધે છે. અગાઉના સમયમાં ગામના પુરોહીતો રક્ષા બાંધતા હતા જયારે હવે નવા સમય પ્રમાણે બહેનો વિશેષ રીતે ભાઈની રક્ષા અને ઉન્નતિની પ્રાર્થના સાથે રક્ષા બાંધે છે. એટલે રક્ષાબંધનના દિવસ રક્ષાના દિવસ તરીકે ઓળખાય છે. મહારાષ્ટ્રીયન પરિવારોમાં પણ આ પર્વનુ વિશેષ મહત્વ હોય છે. રક્ષાબંધનના પર્વને નાળિયેરી પુનમ તરીકે પણ ઉજવવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર




પ્રમુખ સ્વામીનો પાર્થિવ દેહ પંચમહાભૂતોમાં વિલિન - સાળંગપુર ખાતે હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં વિશ્વ વંદનીય પ્રમુખસ્વામી મહારાજનો અંતિમ સંસ્કાર વિધિમાં સંતો-મહંતો અને મહાનુભાવો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા... પૂજ્ય મહંત સ્વામીએ અગ્નિ સ્પર્શ કરાવી અંતિમ સંસ્કાર વિધિ કર્યો હતો... આ સમયે શિસ્તબદ્ધ રીતે કલાકો સુધી બેઠેલો હજારો હરિભક્તોની આંખો ભીની બની ગઈ હતી...

# જિલ્લાના ૫૭ ગામ ડેન્ગ્યુ માટે સંવેદનશીલ

**જિલ્લાની ટીમે જ કરેલા સર્વેલન્સમાં ચોંકાવનારી હકીકત બહાર આવી : આ ગામો માટે અલાયદી કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તેનું મોનીટરીંગ કરી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ૫૭ ગામો ડેન્ગ્યુ માટે સંવેદનશીલ જણાતાં તંત્રએ આ ગામો માટે અલગ કાર્યયોજના તૈયાર કરી અને રોજેરોજ આ ગામોમાં ચાલતી એન્ટી લારવેલ, સર્વેલન્સ તેમજ પોરાનાશક કામગીરી વિગેરેનું સઘન મોનીટરીંગ શરૂ કરવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ જિલ્લાના ૧૫૫થી વધુ ગામોની તંત્રની ટીમ દ્વારા કરાયેલ રેન્ડમલી સર્વેમાં આ ચોંકાવનારી હકીકત બહાર આવવા પામી છે.

જિલ્લાતંત્રએ આ સર્વેલન્સમાં પ્રાત થયેલા પરિણામો પછી તાબડતોબ સંવેદનશીલ ગામોની અલગથી કાર્યયોજના તૈયાર કરી લીધી છે અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીના સીધા નેતૃત્વમાં તેનું મોનીટરીંગ અને અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લો ડેન્ગ્યુ માટે

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા વિસ્તારમાં ત્રણ માસમાં નર્મદાનુ પાણી

**પાણી શુધ્ધિકરણ માટે ૧ ૨ કરોડના ખર્ચે અધ્યતન ઓટોમેશન પ્લાન્ટ તૈયાર : મીટર પધ્ધતિથી પાણી આપવામાં આવશે**

ગાંધીનગર તા ૧૭

ગુડા વિસ્તારમાં આગામી ત્રણ મહીનામાં નર્મદાનુ પાણી પુરુ પાડવામાં આવશે . આ માટે ગુડા વિસ્તારમાં પાણી શુધ્ધિકરણનો અદ્યતન પ્લાન્ટ તૈયાર કરી દેવાયો છે. ૩૫ એમ એલ ડી ના ઓટોમેશન પ્લાન્ટના આધારે ગુડા વિસ્તારના ૮ ગામોમાં પીવાનુ શુધ્ધ પાણી સપ્લાય કરવામાં આવશે. નવવિકસિત ગુડા વિસ્તારમાં પાણી શુધ્ધિકરણ માટે નમુનારૂપ પ્લાન્ટ તૈયાર કરાયો છે. આ માટે રૂ ૧ ૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો માટે નવતર આયોજન કરવામાં આવ્યુ છે. વિકાસના અનેકવિધ કામો સાથે ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામો તેમજ વિકાસ પામતા ટી પી વિસ્તારમાં રસ્તા પાણી તેમજ ગટરની જરૂરી સુવિધા પુરી પાડવા માટે કરોડો રૂપિયાના ખર્ચે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગુડા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ પાથરવા માટે એલ ઈ ડી લાઈટોની જળહળા કરવાનુ કામ પણ ચાલી રહયુ છે.જયારે ગુડા વિસ્તારમાં પીવાનુ શુધ્ધ પાણી પુરુ પાડવા માટે અધ્યતન પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ પણ તૈયાર કરી દેવાયો છે. ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે ૩૫ એમ એલ ડી નો શુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરી દેવાયો છે.

ગુડા વિસ્તારમાં અધ્યતન પ્લાન્ટના આધારે વિવિધ ૮ ગામોમાં પાણી સપ્લાય કરવામાં આવશે. જેમાં રાયસણ, રાંદેસણ, કુડાસણ, નભોઈ, વાસણ હડમતિયા, સહિતના વિસ્તારમાં પાણી પુરુ પાડવામાં આવશે. ગુડા દ્વારા આગામી ત્રણ મહીનામાં નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવશે. જયારે ગુડા વિસ્તારમાં મીટર પધ્ધતિથી પાણી આપવામાં આવશે. જયારે શહેરી વિસ્તારથી પણ અધ્યતન ઓટોમેશન પ્લાન્ટના આધારે પાણી સપ્લાય કરવામાં આવશે.




**બેસણું**

**લલિતચંદ્ર જમનાદાસ વોરા**ના ધર્મપત્ની **પુષ્પાબેન** દેવલોક પામેલ છે. સદ્‌ગતની **પ્રાર્થના સભા તા. ૧૯/૮/૨૦૧૬ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક** સુધી રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ વાડી, સેક્ટર-૭ પોલીસ ચોકી સામે, ગાંધીનગર ખાતે રાખેલ છે.

લિ.

સંજય એલ. વોરા
સ્મીતા ભવનેશ પરીખ
અંકીત એસ. વોરા

લલિતચંદ્ર જમનાદાસ વોરા
જયદિપ લલિતચંદ્ર વોરા
(દીપુભાઈ) સ્મીતા ઈલેક્ટીકલ
રૂચિત જે. વોરા

**વોરા પરિવારના જયશ્રી કૃષ્ણ**




પતેતી - સાકરની જેમ ભારતીય સંસ્કૃતિમાં ભળી ગયેલા પારસી સમુદાયનું નવું વર્ષ આરંભાતા પારસી પરિવારોમાં ઉલ્લાસનો માહોલ સર્જાયો હતો... સૌ એક-મેકને ભેટીને નવા વર્ષની શુભકામનાઓ પાઠવતા હતા.

# સે. ૨૮ની મીની ટ્રેઈન-બોટીંગના ભાડાના દરોમાં ૧૦૦ ટકાનો વધારો કરવાની દરખાસ્ત

**૧૯મીની સ્થાયી સમિતિમાં લેવાશે નિર્ણય**

ગાંધીનગર, તા. ૧૭

આગામી ૧૯મીએ ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળશે.

સ્થાયી સમિતિની આ બેઠકમાં સે. ૨૮ના બાલોદ્યાનનો વહીવટ સંભાળ્યા બાદ હવે મનપા અહિ ચાલતી મીની ટ્રેઈન તેમજ બોટીંગના હાલના જે દર છે તેમાં વધારો કરવા અંગેનો નિર્ણય લેશે. ૧૦૦ ટકા જેટલો ભાડા વધારો કરવાની આ દરખાસ્તમાં સૂચવવામાં આવી છે.

આ અગાઉ પણ અર્થાત મનપાની સામાન્ય ચૂંટણી પહેલાં ભાડા-વધારાની દરખાસ્ત રજુ કરાઈ હતી પરંતુ દરખાસ્ત નામંજૂર કરવામાં આવી હતી. હવે તંત્રએ પુનઃ એકવાર ૧૦૦ ટકા ભાડા-વધારા સાથેની દરખાસ્ત કરી છે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં સ્વીપર મશીનોના ઉપયોગ-જાળવણી અંગે પણ નિર્ણય લેવામાં આવનાર છે.

આ ઉપરાંત શહેરના ત્રણ વોર્ડ જેમાં વોર્ડ નં. ૩, ૭ અને ૮ને ઓડીએફ જાહેર કરવા અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવશે. શહેરમાં જાહેર શૌચક્રિયા કરનાર સામે દંડનીય જોગવાઈ અમલી બનાવાયા પછી આ ઓડીએફ ઝોન જાહેર કરવામાં આવનાર છે. આ ત્રણેય વોર્ડમાં વસ્તીનું ભારણ વધુ છે તેમજ જાહેર શૌચાલયોની સંખ્યા આ ત્રણેય વોર્ડમાં જરૂરિયાત કરતાં ઓછી હોવા છતાં તંત્ર આ દિશામાં આગળ વધવા માગે છે એટલે કઈ રણનીતિ છે તેની સ્થાયી સમિતિમાં ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.


**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.**

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ાા, સેક્ટર-૧૬, ગાંધીનગર

**જાહેર નિવિદા**

રસ ધરાવનારી પેઢીઓએ જણાવવાનું કે, સેક્ટર-૬ ખાતે અપના બજારની બાજુમાં આવેલ પ્લોટ નંબર-૧૫૩૨ ઉપર બેન્કનું બાંધકામ ચાલી રહેલ છે જેમાં નીચે જણાવેલ માલસામાનની જરૂરીયાત હોઈ આપના ભાવપત્રકો સીલબંધ કવરમાં જાહેરાતની તારીખથી દિન-૭ની અંદર ઉપરોક્ત સરનામે રજી.એ.ડી. પોસ્ટથી મોકલી આપવા ઘટતું કરશો.

**(૧) માલ સામાનની વિગતે, કોટા સ્ટોન, માર્બલ, સુપર ગ્રેનાઈટ, વીટ્રીફાઈડ ટાઈલ્સ, ગ્લેઝ ટાઈલ્સ તથા સ્ટાન્ડર્ડ બ્રાન્ડેડ સેનેટરી એસેસરી સાથેના ભાવપત્રકો મોકલવા.**

**(૨) બ્રાન્ડેડ કંપનીની વિગતો સાથેના ભાવો રજૂ કરવાના રહેશે.**

ભાવપત્રકો મંજુર કરવા અથવા ન કરવા અથવા તે અંગેના કોઈ જરૂરી નિર્ણય લેવાની બેન્કની સત્તા અબાધિત રહેશે.

**લિ. મેનેજીંગ ડિરેક્ટર**

**નામ બદલેલ છે**

મારા પુત્રનું નામ દિગ્વિજયસિંહ ધરમપાલ મિત્રા હતું, તે બદલીને દિગ્વિજય ધરમપાલ મિત્રા કરેલ છે.

રહે : પ્લોટ નં. ૪૬૭, વિરાટનગર, સેક્ટર-૨૩, ગાંધીનગર, ગુજરાત

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ**
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com